ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા મગોડી ગામ ખાતે વૃધ્ધ અને વિધવા ૪૫ બહેનોને સફેદ સાડી, શાલ અને સ્લીપરની ભેટ ધરવામાં આવી હતી. ઉપરાંત આંગણવાડીનાં ૨૪ જેટલાં બાળકો તથા અન્ય ૨૬ ગરીબ બાળકોને સ્લીપર્સ અર્પણ કરવામાં આવ્યાં હતાં. ૪ અંધ બહેનોને કરિયાણાની કિટ ભેટ અપાઈ હતી. આ સેવાકાર્યોમાં જીલુભા ધાધલ, પરીખદાદા, હરીશ પાલા અને મનસુખભાઈ સોલંકી જોડાયા હતા.

૮૭ હજાર વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો

આરટીઈ હેઠળની ૩૦ હજાર જેટલી બેઠકો ખાલી રહી

કુલ ૧.૧૮ લાખ બેઠક પૈકી ૯૯ હજાર વિદ્યાર્થીને પ્રવેશ ફાળવતાં ૧૯ હજાર બેઠક ખાલી પડી હતી : જેમને પ્રવેશ ફાળવવામાં આવ્યો તે પૈકી ૧૩ હજાર વિદ્યાર્થીએ પ્રવેશ ન લેતાં બેઠક ખાલી પડી : ખાલી બેઠકો માટે લઘુમતિ શાળાઓ અંગેનો ચુકાદો બાદ કાર્યવાહી કરાશે

ગાંધીનગર, તા. ૧૭

રાઈટ ટુ એજ્યુકેશન (આરટીઈ) અંતર્ગત અંદાજે ૯૯ હજારથી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યા હતા. આ વિદ્યાર્થીઓને પ્રવેશ કન્ફર્મ કરાવવા માટે આપેલી મુદતમાં વધારો કર્યા પછી આજે વધારેલી મુદત પણ પૂર્ણ થઈ છે. અંદાજે ૮૭ હજાર વિદ્યાર્થીએ પ્રવેશ કન્ફર્મ કર્યા છે. હવે ખાલી પડેલી અને અગાઉ ખાલી રહેલી બેઠકો માટે લઘુમતિ શાળાઓ અંગેનો આખરી ચુકાદો આવ્યા બાદ કાર્યવાહી કરવાનું નક્કી કરાયું છે.

રાજયની ખાનગી સ્કૂલોમાં ૨૫ ટકા પ્રમાણે બેઠકો અંદાજે ૧ લાખ ૧૮ હજાર બેઠકો માટે આરટીઈ અંતર્ગત કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં અંદાજે ૯૯ હજાર વિદ્યાર્થીને પ્રવેશની ફાળવણી કરી દેવામાં આવી હતી. જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો તેમને અગાઉ તા.૧૩મી સુધીમાં પ્રવેશ કન્ફર્મ કરવાની સૂચના અપાઈ હતી. પરંતુ નિર્ધારીત સંખ્યા પ્રમાણે વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ ન થતાં બે દિવસની મુદત વધારીને તા.૧૫મી કરવામાં આવી હતી. આ મુદત પણ પુરી થઈ છે. મહત્ત્વની વાત એ કે મુદત વધાર્યા પછી પણ અંદાજે ૮૭ હજાર વિદ્યાર્થીઓ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હતો. જેના કારણે અંદાજે ૧૩ હજારથી વધારે બેઠકો ફાળવ્યા છતાં ખાલી પડી હતી. આ ઉપરાંત અગાઉ અંદાજે ૧૯ હજાર બેઠકો ખાલી પડી હતી. આમ, કુલ મળીને અંદાજે ૩૦ હજાર બેઠકો ખાલી પડી છે. આ બેઠકો માટે હવે લઘુમતિ સ્કૂલો અંગે આરટીઆઈનો ચુકાદો આવ્યા બાદ કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

બુદ્ધ : પંચશીલ દ્વારા જીવનનો રાહ ચિંધ્યો

પ્રસંગસર
એસ જે સોલંકી

આજનું ઉત્તર ભારત છે ત્યાં કપીલવસ્તુ નામની એક નગરી અને તેનો રાજા શુદ્ધોધન શાક્ય. ઈસુ પૂર્વે ૫૬૩માં રાજા શુધ્ધોધન અને રાણી મહામાયાને ઘેર એક મહામાનવનો જન્મ થયો. જેનું નામ રાજકુમાર સિદ્ધાર્થ હતું. કપીલવસ્તુથી રાણી મહામાયા પિયર દેવદાહ જે હિમાલયની તરાઈનું કોલિય રાજ્ય હતું ત્યાં પિતાને ત્યાં જતાં. શાલ વૃક્ષોના વનમાં લુંબીની નામના સ્થળે આરામ કરતા હતા ત્યારે જ બાળકનો જન્મ થયો. આ બાળક એ જ સિદ્ધાર્થ. રાજાએ રાણીને જંગલમાંથી મહેલમાં તેડાવ્યાં. રાજ્ય અને સમગ્ર જંબુદ્વીપમાં આ સમાચાર ફેલાઈ ગયા. દેશનું નામ ઈશા પૂર્વે જંબુદ્વીપ હતું. સિદ્ધાર્થ રાજકુમારના જન્મથી સમગ્ર કપીલવસ્તુ નગરીમાં આનંદ ફેલાઈ ગયો. રાજા હિમાલયની કંદરાઓમાં વસતા હતા, તેઓએ ધ્યાન દ્વારા સિદ્ધાર્થના જન્મ વિશે જાણી લીધું હતું કે આ રાજકુમાર કોઈ સામાન્ય માનવ નથી. તેણે રાજાને તેના ભવિષ્ય વિશે કહ્યું કે આ બાળક ચક્રવર્તી રાજા અથવા મહાશ્રમણ (બુદ્ધ) બનશે. રાજાએ રાજકુમાર સિદ્ધાર્થને ભૌતિક સુખોમાં લિપ્ત રાખવા માટે બધી સુખ-સુવિધા સાથેના રાજમહેલ બનાવ્યા. સિદ્ધાર્થના નાની વયે વિવાહ યશોધરા નામની કોલિય દેશની રાજકુમારી સાથે કરવામાં આવ્યા. જેથી તેઓ વૈરાગ્ય અને દુખને જાણી ન શખે. સિદ્ધાર્થનાં માતા તેમના જન્મના થોડા દિવસ પછી મૃત્યુ પામ્યાં હતાં. માસી રાણી પ્રજાપતિના શિરે તેમના પાલન અને ઉછેરની જવાબદારી આવી પડી. રાજા શુદ્ધોધનનના અથાગ પ્રયત્નો છતાં સિદ્ધાર્થનું મન વૈરાગ્ય તરફ વળવા માટે અધીરું થયું. નગરયાત્રા દરમિયાન વૃધ્ધ, શબ અને સંન્યાસીને જોઈને તેઓએ પરમસુખની શોધમાં પુત્ર-પત્ની અને ગૃહનો ત્યાગ કર્યો. અને ઉરુવેલાના જંગલમાં તપશ્ચર્યા કરી. ઘોર તપના અંતે પણ જ્ઞાનપ્રાપ્તિ ન થતાં અનેક તપસ્વીઓના સાંનિધ્યમાં રહ્યા છતાં તેઓને દુખ નિરોધનો માર્ગ ન મળ્યો. છેલ્લા ગયા (બિહાર)માં પીપળના વૃક્ષ નીચે સમાધિ અવસ્થામાં 'વિપશ્યના' ધ્યાન દ્વારા દુખ, દુખનાં કારણ અને તેનાં નિવારણનું જ્ઞાન પ્રાપ્ત થયું અને તેઓ બુદ્ધ બન્યા. આજે સમગ્ર વિશ્વ તેમને સિદ્ધાર્ધ ગૌતમ બુદ્ધના નામે ઓળખે છે. શીલ, સમાધિ, પ્રજ્ઞાનો માર્ગ તેમણે વિશ્વને બતાવ્યો છે. અહિંસાના પરમ આગ્રહી હોવાના કારણે તેઓ મહાકારૂણિક કહેવાયા. વિશ્વના ઘણા દેશોમાં તેમના અહિંસા, સત્ય અને કરૂણાના ઉપદેશ સ્વીકારાયા. 'પંચશીલ' દ્વારા જીવનનો સાચો માર્ગ તેમણે બતાવ્યો છે.

'બુદ્ધ પૂર્ણિમા' એ એક પાવન પર્વ છે. જન્મ, જ્ઞાન પ્રાપ્તિ અને પરિનિર્વાણ ત્રણે પ્રસંગ પૂર્ણિમાના દિવસે જ બન્યા હતા. બુદ્ધે ૨૯ વર્ષની વયે જ્ઞાન પ્રાપ્ત કરીને ૮૦ વર્ષ સુધી 'ધર્મઉપદેશ' કર્યો હતો. તેઓ દ્વારા ઉપદેશેલ વાતો 'ધમ્મ ત્રિપિટક' નામથી ઓળખાય છે અને તે વાગમય પાલિ ભાષામાં છે.



દેશમાં જરૂર કરતાં વધુ બીએડ કૉલેજો હવે નવી કૉલેજને મંજૂરી નહીં અપાય

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત સહિત સમગ્ર દેશમાં બી.એડ. કોલેજોની જરૂરિયાત કરતાં વધારે કોલેજો શરૂ થઈ ચુકી હોવાથી હવે નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર્સ એજ્યુકેશન (એનસીટીઈ) દ્વારા હવે આગામી વર્ષે બે વર્ષની કોઈ નવી બી.એડ. કોલેજને મંજૂરી નહીં આપવાનું નક્કી કરાયું છે. જો કોઈ સંસ્થા ચાર વર્ષના બી.એડ. કોર્સ શરૂ કરવા ઈચ્છતી હોય તો તે સંસ્થાની કોલેજમાં ગ્રેજ્યુએશનના કોર્સ ચાલતાં હોવા જોઈએ આ ઉપરાંત સરકાર મંજૂરી આપે તો જ કાઉન્સિલ દ્વારા નવી ચાર વર્ષના બી.એડ. કોર્સની મંજૂરી આપવાનું નક્કી કરાયું છે.

એનસીટીઈએ વર્ષ ૨૦૨૦ માટે બી.એડ. કોલેજોની નવી અરજીઓ સ્વીકારવાનું બંધ કર્યુ છે. હાલમાં ગુજરાતમાં અંદાજે ૩૫૦થી વધારે બી.એડ. કોલેજો ઉપલબ્ધ છે. વાસ્તવિક્તા એ છે કે રાજયમાં માત્ર ૧૦૦ જેટલી બી.એડ. કોલેજની જરૂરિયાતની સામે ત્રણ ગણી બી.એડ. કોલેજ છે. જોકે, હાલમાં જે બે વર્ષની બી.એડ. કોલેજો ચાલે છે તેને બંધ કરવામાં નહીં આવે પરંતુ નવી કોલેજની મંજૂરી પણ નહીં આપવાનું નક્કી કરાયું છે.

હવે પછી માત્ર ચાર વર્ષની બી.એડ. કોલેજોને જ મંજૂરી આપવામાં આવશે. જેમાં પણ કોઈ સંસ્થા સીધે સીધી ચાર વર્ષની બી.એડ. કોલેજ શરૂ કરવાની દરખાસ્ત કરશે તો તેને માન્યતાં આપવામાં આવશે નહીં. પરંતુ હાલમાં જે કોલેજોમાં ગ્રેજ્યુએશન એટલે કે બી.એ., બી.એસસી., બી.કોમ. સહિતના કોર્સ ચાલતા હોય તેવી સંસ્થા જો બી.એડ. માટે દરખાસ્ત કરે તો તેને કાઉન્સિલ દ્વારા મંજૂરી આપવામાં આવશે. એટલું જ નહીં આ પ્રકારની મંજૂરી આપતાં પહેલા સરકારની મંજૂરી લેવી પડશે. ખાસ કરીને યુનિવર્સિટી પોતાની રીતે ચાર વર્ષના બી.એડ.ના કોર્સ શરૂ કરી શકશે.

આમ, હવે રાજયમાં આગામી વર્ષે બી.એડ.ની નવી કોઈ કોલેજ નહીં આવે તે નક્કી થઈ ચૂક્યું છે. ચાર વર્ષની ઈન્ટિગ્રેટેડ બી.એડ. કોલેજની મંજૂરી અપાશે, પરંતુ તેના માટે પણ સરકાર કહેશે તો જ આ પ્રકારની માન્યતા આપવામાં આવશે. એટલે કે એક રીતે હવે કાઉન્સિલ દ્વારા આડેધડ શરૂ થઈ ચુકેલી બી.એડ. કોલેજ પર કંટ્રોલ લાવવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

વિદ્યાર્થીઓમાં ઉત્તમ કારકીર્દિ ઘડતર માટે ફાયર ટેકનોલોજી એન્ડ સેફટીનું ક્ષેત્ર હોટ ફેવરીટ

ગાંધીનગર, તા. ૧૭

વૈશ્વિકીકરણ અને ઔદ્યોગીકરણના કારણે ભારતમાં છેલ્લા કેટલાકં વર્ષોથી આંતરરાષ્ટ્રીય કક્ષાનાં ઉદ્યોગો મોટા પ્રમાણમાં સ્થપાઈ રહ્યા છે. વિકાસનાં પંથે કૂચ કરી રહેલા ભારતમાં બાંધકામની પ્રવૃત્તિઓ પણ ઝડપથી વિસ્તરી રહી છે. આવાસંજાગોમાં સારામાં સારું મહેનતાણું અને સો ટકા ફાયર ટેકનોલોજી અને સેફટીનાં ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા વિદ્યાર્થીઓ તત્પર છે.

ધો.૧૨ સાયન્સ પછી વિદ્યાર્થીઓને ફાયર ટેકનોલોજી એન્ડ સેફટીનાં ક્ષેત્રમાં ઉત્તમ કારકિર્દી બનાવવાની તક ઉપલબ્ધ છે. ગુજરાતમાં અમદાવાદ જિલ્લામાં ઓટોમોબાઈલ હબ તરીકે ઓળખાતા સાણંદ ખાતે આવેલી કોલેજ ઓફ સેફટી એન્ડ ફાયર ટેકનોલોજી (સીએફટી) ભારતની એકમાત્ર એવી સંસ્થા છે કે જયાં વિદ્યાર્થીને ગુજરાત યુનિવર્સિટીની B.Sc. (Fire & Safety) ડિગ્રી મળે છે. ગુજરાતના કે ગુજરાત બહારના વિદ્યાર્થીઓને રહેવા માટે સંસ્થામાં હોસ્ટેલની સુવિધા પણ ઉપલબ્ધ છે. ફાયર અને સેફટીના ક્ષેત્રમાં સો ટકા પ્લેસમેન્ટનો રેકોર્ડ ધરાવતી આ સંસ્થાની વધુ વિગતો તેની વેબસાઈટ www. college-offiretechnology. com પર પણ ઉપલબ્ધ છે.

કોલેજ ઓફ ફાયર ટેકનોલોજીનાં એડમિશન માટે ધો.૧૨ સાયન્સમાં ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓ અરજી કરી શકે છે. આ સંસ્થામાં પ્રવેશ માટે અરજી કર્યા બાદ એન્ટ્રન્સ ટેસ્ટ લેવામાં આવે છે. A ગ્રુપ અને B ગ્રુપમાં ધો.૧૨ સાયન્સ પાસ થયેલા વિદ્યાર્થીઓ અરજી કરી શકે છે. અરજી કર્યા બાદ એન્ટ્રન્સ ટેસ્ટ લેવામાં આવે છે. એન્ટ્રન્સ ટેસ્ટમાં પાસ થયા બાદ ઈન્ટરવ્યુની પક્રિયા ચાલે છે. કોલેજ ઓફ સેફટી એન્ડ ફાયર ટેકનોલોજીમાં B.Sc. (Fire & Safety)માં એડમીશન માટે જે તે રાજયમાં માન્ય એજ્યુકેશન બોર્ડ ઉપરાંત CBSEનાં ધો.૧૨ સાયન્સ પાસ વિદ્યાર્થીઓ પણ અરજી કરી શકે છે. છેલ્લા ૧૫ વર્ષથી કાર્યરત કોલેજ ઓફ ફાયર ટેકનોલોજીમાં અત્યાર સુધીમાં ૧૮૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થઈને ભારત અને વિદેશમાં પ્રતિષ્ઠિત કંપનીઓમાં ફાયર અને સેફટી ઓફિસર તરીકે નોકરીએ લાગ્યા છે.

કૃષિ વૈજ્ઞાનિક બનવા માટે શું કરવું ?

કરિયર કોર્નર
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગરની આસપાસના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવાથી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : facebook.com/questions.careercorner પર...

૧. હું હાલ ધોરણ ૧૧ સાયન્સ મા અભ્યાસ કરું છું.કૃષિ વૈજ્ઞાનિક વિશે અને એ બનવા માટે શું કરવું?

- ઈશાન પટેલ, ગાંધીનગર

કૃષિ વૈજ્ઞાનિકો પ્લાન્ટ અને પ્રાણી જીવનના તમામ પાસાં સાથે કામ કરે છે. તેઓ પ્રયોગશાળા આધારિત અને ક્ષેત્ર આધારિત સંશોધન બંનેમાં રોકાયેલ હોય છે. વૈજ્ઞાનિકો પર્યાવરણીય સંરક્ષણ માટે પાકના ઉત્પાદનમાં સુધારો

કરવા માટે કામ કરે છે, અને તેઓ ખોરાકની વસ્તુઓ, દવાઓ અને ખેત ઉત્પાદનોના પરીક્ષણ અને ગુણવત્તા નિયંત્રણમાં કાર્ય કરે છે. કૃષિ વૈજ્ઞાનિકો કોઈએક ક્ષેત્ર માં નિષ્ણાત હોઈ શકે છે.જેમ કે કૃષિવિજ્ઞાન, બાગાયત, પ્લાન્ટ સંવર્ધન અને એનિમલ સાયન્સ સંશોધન. કૃષિ વૈજ્ઞાનિકો પાક આધારિત ઉત્પાદન, પર્યાવરણ સંરક્ષણ, પરીક્ષણ અને ખોરાકની વસ્તુઓ, દવાઓ અને ખેત ઉત્પાદનોના ગુણવત્તા નિયંત્રણ માટે ક્ષેત્ર આધારિત અથવા પ્રયોગશાળા આધારિત સંશોધન કરે છે.ફળ, ફૂલો, ઈન્ડોર છોડ અને શાકભાજી તેમજ ગુણવત્તામાં સુધારો અને ઉત્પાદનમાં વધારો કરવા માટે ખેતીમાં બાગાયતનું કામ હાથ ધરવામાં આવે છે.છોડના રોગવિજ્ઞાનવિદો જુદા જુદા આબોહવા, ભૌગોલિક પ્રદેશો અને વિવિધ માટીમાં છોડના રોગ અને તેમના નિયંત્રણ સાથે અભ્યાસ કરે છે અને તેની ઉપર સંશોધન કરે છે.સંશોધન બાયોટેક, કૃષિ ઉત્પાદન, માર્કેટિંગ, અર્થશાસ્ત્ર, કૃષિ ઈજનેરી, સાધનો અને ઉપયોગિતાઓ, પ્રક્રિયા, નવા ઉપયોગો અને પદ્ધતિઓ, નવા ઉત્પાદનો, સંરક્ષણ, પુનર્જીવન અને ગ્રામીણ સમાજશાસ્ત્રને આવરી લે છે.આ માટે આપે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ બી.એસ.સી વિથ એગ્રીકલ્ચર મુખ્ય વિષય સાથે લઈ શકો છો.અથવા આપ બી.ટેક એગ્રીકલ્ચર એન્જીનિયરીંગ માં એડમિશન લઈ શકો છો.ત્યાર બાદ ઉપયુક્ત જણાવેલ કોઈ એક વિષય માં નિષ્ણાત બની ને આપ આગળ સંશોધન કરી શકો છો.બીજી એક જરૂરી બાબત એ છે કે આ ક્ષેત્ર માં આગળ વધવા માટે વિષય ના ઊંડાણપૂર્વક ના જ્ઞાન સાથે આપની પાસે આ ક્ષેત્ર પ્રત્યે રુચિ પણ અત્યંત જરૂરી છે.આમ આપ અત્યાર થી જ આપના લક્ષ્ય ને પાર પાડવા મેહનત શરૂ કરી શકો છો,આપને ચોક્કસ સફળતા મળશે.શુભકામનો એક જવલંત કારદીર્દી માટે.

૨. હું ધોરણ ૧૨ સાયન્સ માં અભ્યાસ કરું છું. જી.આઈ.પી.એમ.ઇ.આર પરીક્ષા ઉત્તીર્ણ કરવા શું કરવું?

- અનિશ સિન્હા

જી.આઈ.પી.એમ.ઈ.આર (જવાહરલાલ ઈન્સ્ટિટ્યુટ ઓફ પોસ્ટગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ) એ ટોચની સૌથી તબીબી સંસ્થા છે જે ૧૯૫૬ પછીથી ભારત સરકાર હેઠળ સ્થાપિત થઈ હતી. જી.આઈ.પી.એમ.ઈ.આર એમબીબીએસ, પીજી, એમડી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે તબીબી પ્રવેશ પરીક્ષા યોજાય છે. આ પરીક્ષા ભારતના એમબીબીએસ ડિગ્રીને અનુસરવાની ઈચ્છા ધરાવતા ઉમેદવારો માટે તબીબી પ્રવેશ પરીક્ષા માટે ખૂબ મહત્વનું ધરાવે છે. કારણ કે જી.આઈ.પી.એમ.ઈ.આર એઆઈએમએસ, સીએમસી અને એએફએમસીની બાજુમાં ભારતની ટોચની તબીબી સંસ્થાઓમાં ચોથા સ્થાન પર છે. વિદ્યાર્થીઓ જી. આઈ. પી. એમ. ઈ. આર.થી વિશ્વભરમાં ઉચ્ચ પ્રતિષ્ઠા સાથે ઓળખાય છે. આ

પરીક્ષા માં મુખ્યત્વે બાયોલોજી, કેમેસ્ટ્રી, ફિઝીક્સ ,અંગ્રેજી અને થોડાઘણાં અંશે તાર્કિક ને લગતા પ્રશ્નો પૂછાય છે. આ અભ્યાસક્રમ ને અનુસરી એનસીઈઆરટી પુસ્તકોથી ગંભીરતાપૂર્વક તૈયાર થવાનું શરૂ કરો. જી.આઈ.પી.એમ.ઈ.આર. એનસીઈઆરટી પુસ્તકોમાં મોટા ભાગના અભ્યાસક્રમો આવરી લે છે. જી. આઈ. પી. એમ. ઈ. આર. અગાઉના વર્ષ પ્રશ્નોની ખૂબ પ્રેક્ટિસ કરો. બધા પાછલા વર્ષના પ્રશ્નોને ઉકેલવામાં ખરેખર તમને આ પરીક્ષા ઉત્તીર્ણ કરવામાં ઘણી મદદ કરશે જી.આઈ.પી.એમ.ઈ.આર ઉચ્ચ સ્કોર સાથે. તમારી ક્ષમતા અનુસાર સ્વયં અભ્યાસ યોજનાની વ્યૂહરચના મેળવો. સમય વ્યવસ્થાપન ખૂબ જ મહત્વપૂર્ણ છે. દરેક સંભવિત પ્રશ્નનો હાજરી આપવાનો પ્રયાસ કરો કારણ કે આ પરીક્ષા માં કોઈ નકારાત્મક માર્કસ હોતા નથી. અંગ્રેજી અને તર્ક ને લગતા પ્રશ્નો પર સારી રીતે ધ્યાન કેન્દ્રિત કરો. અન્ય વિભાગની તુલનામાં આ સરળ વિભાગ છે. સૈદ્ધાંતિક રૂપે દરેક વિષયને લોજિકલ ધોરણે અભ્યાસ કરવાનો પ્રયાસ કરો. આનો અર્થ એ છે કે, વિષયના મૂળ ખ્યાલને સમજો અને સમાન મુદ્દાના વિવિધ પ્રકારનાં પ્રશ્નોને ઉકેલવાનો પ્રયાસ કરો. શુભકામનો એક જવલંત કારદીર્દી માટે.

૩. મે મારૂ એન્જીનિયરીગ પૂરું કરેલ છે.તો હવે મારે એમ.ઇ કરવું કે ગવરમેન્ટ જોબ ની તૈયારી કરવી?

- પ્રદીપ શ્રીમાળી, પાલનપુર

પ્રદીપ ,સૌપ્રથમ આપ આપનું લક્ષ્ય નક્કી કરો કે જો આપ એમ.ઇ કરવા માંગો છો તો એમ.ઇ બાદ આપ શું કરવા માંગો છો એ આપને ખબર હોવી જોઈએ અથવા તો એ કર્યા બાદ આપ કયા કયા ક્ષેત્ર માં આગળ વધવા માંગો છો એનો આપણે ખ્યાલ હોવો જોઈએ.જેમ કે એમ.ઇ કર્યા બાદ આપ શિક્ષણ ક્ષેત્રે એટ્લે કે પ્રાધ્યાપક બની શકો છો.અથવા આપ કોઈ સારા સ્તર પર કોઈ પ્રાઈવેટ ક્ષેત્રે જોબ કરી શકો છો.પણ જો આપનું લક્ષ્ય ફક્ત કોઈ પણ ગવરમેંટ જોબ જ પ્રાપ્ત કરવાનું હોય તો તો અમારી આપને સલાહ છે કે આપ ફક્ત

એ લક્ષ્ય પર જ ધ્યાન આપી અત્યાર થી એના માટે સાચી દિશા માં મેહનત કરવાનુ શરૂ કરી દેવું જોઈએ.બીજી એ પણ બાબત છે કે આજ ના આ સ્પર્ધાત્મક યુગ ની ગળાકાપ સ્પર્ધા માં આપને આપની ધારી સફળતા ના પણ મળે કારણકે સરેરાશ એક જગ્યા ને મેળવવા અનેક લોકો અરજી કરતાં હોય છે તો દરેક ને સરકારી જોબ મળે એ જરૂરી નથી.આમ આ બાબત ને નજર માં રાખીએ તો આપ એક બેકઅપ તરીકે એમ.ઇ કરી શકો છો.જો આપ ગવરમેંટ જોબ ના મેળવી શકો તો આપ બીજા ક્ષેત્ર માં આગળ વધી શકો છો.અને એ પણ એક વિકલ્પ છે કે ઘણી બધી સરકારી જગ્યાઓ આપના મિકેનિકલ ક્ષેત્ર માં બહાર પડે છે એટ્લે કે એમાં પણ એવી જગ્યાઓ બહાર પડે છે કે જેમાં એમ.ઇ કરેલા વિદ્યાર્થીઓ જ અરજી કરી શકે છે એટ્લે કે એ જગ્યાઓ માટે સ્પર્ધા પણ ઓછી હોવાની.તો આપ આ જગ્યા નો લાભ લઈ શકો છો.પણ એના માટે આપની આપના ક્ષેત્ર પ્રત્યે રુચિ હોવી આવશ્યક છે.આમ આપ એમ.ઇ કર્યા બાદ પણ ગવરમેંટ જોબ મેળવી શકો છો.તો આપ હવે ફક્ત એ નક્કી કરો કે જો આપની વધુ અભ્યાસ કરવાની ઈચ્છા અને પૂરતો સમય હોય તો આપ અવશ્ય એમ.ઇ કરી શકો છો અન્યથા આપ અત્યાર થી જ વિવિધ ગવરમેંટ જોબ માટે ની તૈયારી કરી શકો છો. . શુભકામનો એક જવલંત કારદીર્દી માટે.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com
વોટ્સએપ નંબર : 88492 21653
ફેસબુક: www.facebook.com/questions.careercorner

ગાંધીજીનો વિનોદ

॥ ૩૧મો મણકો ॥

૮૪ - એનો પતિ ભાગેડુ છે ને !

જયપ્રકાશ નારાયણનાં પત્ની શ્રી પ્રભાવતીબહેન ગાંધીજી સાથે આગાખાન મહેલમાં કેદી હતાં. બાના મૃત્યુ પછી સરકારે તેમને છોડી મૂક્યાં હતાં. છુટકારાના સમયે ગોરો સાર્જન્ટ પોલીસોનું ધાડું લઈને તેમને બહાર લઈ જવા માટે આવ્યો હતો. છુટકારાના આનંદ કરતાં બાના મૃત્યુ પછી તે બહાર જતાં હતાં તેથી બધાંનાં મનમાં ગમગીની હતી.

પોલીસનું ધાડું જોઈ મનુબહેન બોલ્યાં, આ દૂબળાં પ્રભાવતીબહેન ક્યાં નાસી જવાનાં હતાં કે તેમને લેવા માટે આટલા પોલીસો આવ્યા !

ગાંધીજી : એ ભાગનારી નથી પણ એનો પતિ તો ભાગેડુ છે ને ?

ગમગીન વાતાવરણમાં હાસ્યની લહરી પ્રસરી રહી.

૮૫ - હું પાકો વાણિયો છું

બિરલાજી સાથે ગાંધીજીને ઘનિષ્ઠ સંબંધ હતો. મુંબઈ કે દિલ્હી આવે ત્યારે ગાંધીજી બિરલા ભવનમાં ઊતરતા. બિરલાજી રાષ્ટ્રના એક મૂડીદાર ઉદ્યોગપતિ હોવાથી ગાંધીજી તેમને ત્યાં ઊતરે તે કેટલાકને પસંદ ન હતું. તેઓ ગાંધીજીને કહેતા કે, બાપુજી ! બિરલાશેઠ આપનો અનુચિત લાભ લે છે માટે તેમને ત્યાં આપે ન ઊતરવું જોઈએ.

આવી વ્યક્તિઓને દલીલથી સમજાવવા કરતાં ગાંધીજી વિનોદમાં જ કહેતા, ભાઈ, હું તો પાકો વાણિયો છું. બિરલાજી મને ધોકો દઈ શકે એમ નથી, સમજ્યા ?

ગાંધીજીના વિનોદપ્રવાહમાં પેલાઓનો વિરોધ ઓગળી ગયો.

'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

જન્મદિને વધામણી

વાસુદેવભાઈ એચ ત્રિવેદી

સતીષભાઈ ઠાકોરભાઈ પટેલ
મો. ૯૪૨૭૩ ૦૮૩૦૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક